# પેડના નિકાલનો પડકાર

## ઉપયોગ કર્યા પછી પેડનો યોગ્ય રીતે નિકાલ થાય એના પર પણ ધ્યાન આપવું જોઇએ

મહિના પહેલાં એક સોસાયટીની ડ્રેનેજ લાઇન ચોક અપ થઇ ગઇ હતી. આ ગટર લાઇનને સાફ કરતાં સફાઇ કર્મચારીઓના નાકે દમ આવી ગયો એ તો ઠીક, પણ આ લાઇન જામ થવાનું કારણ જાણીને તો સોસાયટીના સભ્યો દંગ રહી ગયા. વાત એમ હતી કે આ સોસાયટીની મહિલા સભ્યો પોતાના માસિક અટકાવ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સેનીટરી નેપ્કિનને ઘરના ટોઇલેટમાં જ ફ્લશ કરી દેતી હતી. આ બધા નેપ્કિનમાં વપરાતા પ્લાસ્ટિકે લાઇન જામ કરી દીધી હતી. સામાન્ય રીતે દર ત્રણ ચાર કલાક્ના હિસાબે રોજના બેથી ચાર સેનિટરી પેડનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. આ માસિક રક્તસ્રાવની અવધિ ૩થી ૭ દિવસની હોય છે. હવે સરાસરી ત્રણ પેડ અને ચાર દિવસ પણ ગણવામાં આવે તો એક ઘરની એક મહિલાનો વપરાશ પહોંચી જાય ૧૨ પેડ સુધી. માત્ર ચાર માળની નાનકડી સોસાયટીમાં માનો કે ચોવીસ-પચીસ ફ્લેટ હોય અને ઓછામાં ઓછી એક મહિલાને ઘરદીઠ લક્ષમાં લઇએ તો મહિનાના અંદાજે ત્રણસો પેડની જરૂર પડે અને એટલી જ તેના નિકાલની આવશ્યકતા પણ ઊભી થાય. આ તો થઇ એક નાનકડી સોસાયટીની વાત. હવે આજકાલની ગગનચુંબી ઇમારતોની વાત કરીએ તો આ આંકડો કેટલે પહોંચે એની કલ્પના જ કરવી રહી.

હાલમાં જ અક્ષયકુમાર અભિનિત પેડમેન ફિલ્મ રજૂ થઇ એટલે ભારતમાં પેડ વાપરતી મહિલાઓની સંખ્યા વધશે. અત્યાર સુધી દેશની બાર ટકા મહિલાઓ જ પેડનો ઉપયોગ કરતી હતી છતાં ઉપરોક્ત સોસાયટીની જેમ ઘણી સોસાયટીને સમસ્યા આવતી. તો હવે આ ફિલ્મથી જે જાગૃતિ આવશે એનાથી તો વપરાયેલા પેડનો યોગ્ય નિકાલ કરવાની સમસ્યામાં જરૂર વધારો થશે જ. આ સમસ્યાને વધતી રોકવામાં શું થઇ શકે તે જોઇએ પણ તે પહેલાં એ જાણવું જરૂરી છે કે હાલ દેશમાં આ પેડનો નિકાલ કેવી રીતે થાય છે.

મોટે ભાગે નિમ્નલિખિત પાંચ પ્રકારે નિકાલ થાય છે. ૧) ઘરે રાખેલી કચરા ટોપલી દ્વારા, ૨) ખુલ્લી જગ્યાઓ જેવી કે મેદાનો, ઉકરડાઓ, શહેરની ખુલ્લી ગટરો, નદી કે નાળાઓ દ્વારા ૩) ઘરમાં ટોઇલેટની સગવડ હોય તો તેના દ્વારા ૪) બાળીને અને ૫) દાટીને.

મેન્સ્ટ્રુઅલ હેલ્થ એલાયન્સના એક સર્વે મુજબ ૪૫ ટકા વપરાયેલ પેડનો નિકાલ ઘરના અન્ય કચરાની માફક જ થાય છે.

સોલીડ વેસ્ટ મૅનેજમેન્ટ માટે રચાયેલી સુપ્રીમ કોર્ટ કમિટીના એક સભ્ય અલ્મિત્ર પટેલના જણાવ્યા મુજબ આ રીતનો નિકાલ જોખમી છે. ખાસ કરીને જો કોઇ એચ.આઇ.વી ગ્રસ્ત મહિલા દ્વારા વપરાયેલા પેડના સીધા સંપર્કમાં કોઇ સફાઇ કર્મચારી આવે તો તેના આરોગ્ય માટે હાનિકારક છે. તેઓ વધુમાં જણાવે છે આ કચરાને ખરેખર તો બાયોમેડિકલ કચરો ગણીને તે રીતે તેનો નિકાલ થવો જોઇએ, પણ આવું થતું નથી.

મુંબઇ મહાનગર પાલિકાના એક ઑફિસરના જણાવ્યા પ્રમાણે આ જાતના કચરાને બાયોમેડિકલ કચરો ગણવો, ભીનો કચરો ગણવો કે પછી સૂકો કચરો ગણવો તે અંગે કોઇ સ્પષ્ટતા નથી.

જોકે, સામાન્ય જ્ઞાનની વાત કરીએ તો જેમ બાયોમેડિકલ કચરાને હૉસ્પિટલમાંથી એકઠો કરવામાં આવે છે એ રીતે ઘેરઘેર આ કચરાને એકઠો કરવાનું વ્યવહારુ નથી એ સંજોગોમાં એનો ઘરના અન્ય કચરાની જેમ જ નિકાલ કરવો હિતાવહ છે.

બીએમસીના અધિકારીના જણાવ્યા મુજબ વપરાયેલા પેડને ઉત્પાદક દ્વારા અપાયેલા પાઉચમાં વીંટાળીને જ નિકાલ કરવો જોઇએ.

## અન્ય નિકાલ વ્યવસ્થા અપનાવવી જ પડશે

પેડને દાટીને કે બાળીને પણ નિકાલ થતો હોય છે. પણ નિષ્ણાતોના કહેવા અનુસાર જમીનમાં એક પેડને કોહવાઇને માટીમાં ભળી જતાં ૧૧૦થી પણ વધુ વર્ષ લાગી શકે છે. ગામડાની ઘણી મહિલાઓ તેને બાળી નાખે છે. આ વિકલ્પ સારો છે અને તે જો વાયુ પ્રદૂષણ ન ફેલાવતું હોય તો એક ઉત્તમ વિકલ્પ સાબિત થઇ શકે એમ છે.જોકે, ખુલ્લામાં બાળતી વખતે વાયુ પ્રદૂષણનો ડર સતાવતો હોય તો હવે આવા પેડને બાળી નાખતાં મશીનો પણ શોધાયાં છે. હજું તો દેશની ૩૫ કરોડ રજસ્વાલા થતી સ્ત્રીઓમાંથી અગાઉ કહ્યું તેમ માત્ર ૧૨ ટકા મહિલાઓ સેનેટરી નેપ્કિનનો ઉપયોગ કરે છે, પણ પેડમેન ફિલ્મ જોયા પછી તેનો વપરાશ વધે તો આ જાતનાં મશીનોનો ઉપયોગ ખરેખર લાભદાયક બની રહેશે.આવા મશીન ચેન્નાઇ રેલવે સ્ટેશન પર મુકાયા છે જે આઇઆઇટીના વિદ્યાર્થીઓએ બનાવ્યાં છે. બીજા આવા પ્રકારના મશીન મુંબઇ સ્થિત માનખુર્દ અને ભાંડુપમાં બેસાડવામાં આવ્યાં છે જેની જાળવણી મહિલા મંડળ દ્વારા થાય છે અને ઝૂંપડ પટ્ટી વિસ્તારમાં તો જ્યાં ત્યાં ખુલ્લામાં કે નાળામાં પેડ નાખવાને બદલે આ મશીન ઉપયોગી સાબિત થાય એમ છે. આવો લાભ મોટીસોસાયટીઓ, તેમ જ શાળા- કોલેજમાં ભણતી વિદ્યાર્થિનીઓને મળે તે દિશામાં પ્રયત્નો અવશ્ય થવા જોઇએ. જેથી ગટરલાઇન ચોક અપ થવાના કે પ્રદૂષણ ફેલાવાના ભય વગર સરળતાથી તેનો નિકાલ થઇ શકે.

આવા મશીનની કિંમત છથી સાત હજારની હોય છે.  આ મશીન ધાતુના બનેલા હોય છે,પણ વડોદરાના એક ઉત્પાદકે આવું મશીન માટીનો ઉપયોગ કરીને બનાવ્યું છે જેની કિંમત બેથી ત્રણ હજાર સુધી થાય.

આવાં મશીનોમાં વપરાયેલા પેડનું પ્લાસ્ટિક કાઢીને મૂકી દેવાય છે. પછી અંદર રહેલા ઇલેક્ટ્રિકથી ચાલતાં હીટરને ચાલુ કરતાં પેડ સંપૂર્ણ બળી જાય છે અને તેની રાખ નીચે રાખેલી ટ્રેમાં જમા થાય છે. આ રાખનો ઉપયોગ તમે તમારા ઘરના કે સોસાયટીના ગાર્ડનમાં તેમ જ ખેતરમાં ખાતર તરીકે કરી શકો છો એ નફામાં. ■

## MANDRAKE THE MAGICIAN




**જાદુગર મેન્ડ્રેક:** ૧) (હિમવર્ષા સાથેનું વાવાઝોડું વધારે ભયાનક બન્યું ને જોરદાર પવન કિલ્લાના પાઈપ ઓર્ગનમાં ફૂંકાવા લાગ્યો...) કેપ્ટન વાઈપર: તેં એક વાત ધ્યાન પર લીધી છે, મેન્ડ્રેક... કે અમે સંખ્યામાં તમારા કરતાં વધારે છીએ! ૨) કેપ્ટન વાઈપર: હથિયાર વગર પણ અમે તમને ત્રણને ભારે પડી શકીએ છીએ ને લોસ્ટ કોર્ડ છીનવી શકીએ છીએ! લોથાર: પ્રયત્ન કરી જો! ૩) મેન્ડ્રેક: શાંતિ, લોથાર... (કેપ્ટન વાઈપરને) મને તો લાગ્યું હતું કે તું વાત કરવા માગે છે, કેપ્ટન! જે સાચું કે ખરું નથી એવા કશામાં તને શું કામ આટલો બધો રસ પડે છે?

## MUTT & JEFF BY BUD FISHER




**મટ અને જેફ:** ૧) જેફ: બ્રુનો! તને દેખાય એ બધા પ્રાણીઓને સૂંઘવાનું બંધ કર! મટ: એને સૂંઘવા દે. એનું નાક એ માટે તો છે! ૨) મટ: મારા બ્રુનો પાસે તો અફલાતુન નાક છે, જેફ! ૩) કૂતરો બ્રુનો સાહુડીને જુએ છે. ૪) પળવારમાં બ્રુનો નાકમાં સાહુડીએ ફટકારેલાં સિસોળિયાં (અણીદાર પીંછા) લઈને પાછો આવે છે.

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ભ્યા | ૨ ગ | ૩ ત | | ૪ શા | ન | ૫ ભં | ૬ ડા | ર |
| વ | | ૭ જ | મા | | ન | | ૮ ગા | મ | |
| ૯ જ્ઞા | ૧૦ તિ | | | ૧૧ વૃ | કો | દ | ર | | |
| | લાં | | ૧૨ ન | | શ | | | | ૧૩ અ |
| ૧૪ મો | જ | | ૧૫ દી | પ | | | ૧૬ ઈ | ૧૭ શા | ન |
| ૧૮ સ | લી | લ | | | ૧૯ સ | ૨૦ મો | | ૨૧ ગ | લ |
| મ | | | | ૨૨ બિ | | લ | | રી | |
| | | ૨૩ પ | રિ | હા | સ | | | ૨૪ ત | ૨૫ લ |
| | ૨૬ કો | ટ | | મ | | ૨૭ ન | ૨૮ વિ | | વા |
| ૨૯ અ | પ | લ | ખ | ણું | | ૩૦ શો | ભા | સ્પ | દ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૬ | ૫ | ૪ | ૮ | ૨ | ૭ | ૯ |
| ૫ | ૭ | ૯ | ૬ | ૨ | ૧ | ૪ | ૩ | ૮ |
| ૨ | ૮ | ૪ | ૭ | ૩ | ૯ | ૧ | ૬ | ૫ |
| ૭ | ૨ | ૫ | ૩ | ૬ | ૪ | ૯ | ૮ | ૧ |
| ૮ | ૬ | ૧ | ૯ | ૫ | ૭ | ૩ | ૪ | ૨ |
| ૪ | ૯ | ૩ | ૧ | ૮ | ૨ | ૭ | ૫ | ૬ |
| ૩ | ૪ | ૮ | ૨ | ૯ | ૬ | ૫ | ૧ | ૭ |
| ૯ | ૫ | ૭ | ૮ | ૧ | ૩ | ૬ | ૨ | ૪ |
| ૬ | ૧ | ૨ | ૪ | ૭ | ૫ | ૮ | ૯ | ૩ |

## શબ્દલાલિત્ય

કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | | | ૩ | | | ૪ |
| ૫ | | | | | ૬ | | | | |
| | | ૭ | | | | | | ૮ | |
| ૯ | | | | | ૧૦ | | ૧૧ | | |
| | | | | ૧૨ | | | | | |
| | ૧૩ | | | ૧૪ | | | ૧૫ | | |
| ૧૬ | | | | | | ૧૭ | | | ૧૮ |
| ૧૯ | | | ૨૦ | | ૨૧ | | | | |
| | | | ૨૨ | | | | | ૨૩ | |
| ૨૪ | | | | | ૨૫ | | | | |

**આડી ચાવી**

૧. કમળ (૪)
૩. લાંબી આવરદાવાળું (૪)
૫. સંકટનો સમય (૨)
૬. વાણી, ભાષા (૨)
૭. વેણ, બોલ (૩)
૮. માણસના મનનો --- પામી શકાય નહીં (૨)
૯. સમાન તળિયાવાળું (૪)
૧૧. ઈચ્છા, આકાંક્ષા (૩)
૧૨. પૈસો, નાણું (૨)
૧૪. કૂતરો (૨)
૧૬. સમુદાય, મંડળી (૩)
૧૭. સમ્રાટ, રાજાધિરાજ (૪)
૧૯. બાતલ કરેલું (૨)
૨૧. શિવનું ધનુષ્ય (૩)
૨૨. રાણી (૨)
૨૩. આંગળીથી --- વેગળાં (૨)
૨૪. ભપકો, ઠાઠ (૪)
૨૫. સ્વાર્થી (૪)

**ઊભી ચાવી**

૧. એક આદ્ય કવિ (૨)
૨. એક પર્વત (૪)
૩. દીવો (૩)
૪. બહાદુર સ્ત્રી (૪)
૫. બાર મહિના (૩)
૭. રહેવાસી (૩)
૮. ક્રોધી (૩)
૧૦. જાળવણી, સાચવણ (૩)
૧૨. ભરોસો (૩)
૧૩. આળસ (૩)
૧૫. ચાંદ, ચંદ્રક (૩)
૧૬. સીમા (૪)
૧૭. સાટા પેટે અગાઉથી આપેલા પૈસાનું લખાણ (૪)
૧૮. આનંદ, હર્ષ (૩)
૨૦. પાણીથી ઢંકાયેલો ખડક (૩)
૨૩. પેગંબર (૨)

## સુડોકુ-૩૨૯૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૯ | ૧ | | | | | |
| ૮ | | | ૨ | | | | | |
| | ૪ | | ૬ | | ૮ | ૨ | | |
| | ૨ | | ૫ | ૧ | | | | ૬ |
| | ૩ | ૭ | ૪ | | ૬ | ૫ | ૨ | |
| ૬ | | | | ૩ | ૨ | | ૮ | |
| | | ૬ | ૮ | | ૯ | | ૫ | |
| | | | | | ૧ | | | ૨ |
| | | | | | ૪ | ૮ | ૭ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.